રમેશ ઠક્કર

નમસ્કાર ગાંધીનગર

પમરાટ

તમે કહો,
તમને ફૂલ બહુ ગમે –
પણ જ્યારે ફૂલ ખીલે છે
તમે ફૂલ તોડી નાખો છો.

તમે કહો,
તમને વરસાદ બહુ ગમે –
દિવસને અંતે જ્યારે વરસાદ પડે
તમે એનાથી જાત બચાવો છો.

તમે કહો,
દક્ષિણ દિશાથી આવતો પવન બહુ ગમે
પણ જ્યારે મોટી ડમરી ચઢે
બારી એકદમ બંધ રાખો છો.

હું ભય પામી જાઉં છું ત્યારે
જ્યારે તમે કહો છો,
તમે મને ચાહો છો.

કાબેરી રાય (બંગાળી) (અનુ. પ્રીતિ સેનગુપ્તા)

પાથેય

ફૂલની દુનિયા..

એક સરસ ગુજરાતી કવિતા ભણવામાં આવતી "એક્કેય એવુ ફુલ નથી કે જે મને હો ના ગમ્યું.." એમાં જગતમાં ખીલી ઉઠતાં તમામ પુષ્પો માટેનો પ્રેમ હતો...આજે વહેલી સવારે ધોળીડુંગરી નામના ત્રિકોણ પ્રદેશ તરફથી નિકળતો હતો ત્યાં સમગ્ર સીમમાં ઓરેન્જ કલરનાં આકર્ષક ફુલો વેરાયેલાં જોઇ મને આ કવિતા યાદ આવી ગઇ...

ધોળીડુંગરી આસપાસ આજથી વીસેક વરસ પહેલાં અમે રાત્રીના સમયે ભુલા પડેલા.. અને આખી રાત ઘેઘૂર વનરાજી અને તમરાંની સંગત અનુભવેલી..આ ત્રિકોણ ખેડા,અરવલ્લી,અને મહીસાગર જિલ્લાના ત્રિભેટે છે ત્યાં આજુબાજુ આ કેસરીયાં ફુલો આજકાલ પુરબહારમાં ખીલ્યાં છે...રૂપરૂપનો અંબાર એટલે વનની કોઇ વૈભવી વનીતા જોઇ લ્યો..!

આ વગડાઉ ફુલોની નજાકત જોઇ ઘડીભર ઉભા જ રહી જવાયું...આજુબાજુ ભીનાશમય લીલાશમઢી સીમ..તરબતર તળાવડી અને છુટ્ટા હાથે વેરાયેલાં આ મનમોહક ફુલો..જે કોઇ માયાવી રૂપ ધરીને લ્હેરાઇ રહયાં હતાં..મુળભુત રીતે આ હેડંબા વનનો હિસ્સો છે..આ મોહમયી પુષ્પનું શું નામ હશે ? જાણવા મળ્યું કે એ ઇન્દ્રધનુ નામનાં ફુલ છે..અને એ પછી એનું માયાવી રૂપ પણ પ્રગટ થયું....જે આંચકારૂપ હતું..

ઇન્દ્રધનુ નામ તો મોહજાળ કહેવાય..એનું બોટનીકલ નામ છે Lantana camara..એ એક નીંદામણનો છોડ છે..જે ખેતીની ઉપજાઉ જમીન માટે ખલનાયક જેવો છે...મરાઠીમાં એને તણતણી જેવું સચોટ નામ અપાયું છે...હિન્દીમાં એ રાઇમુનિયાના નામથી જાણીતી વનરાજી છે...હિમાચલ બાજુ એનાં ઘટાટોપ જંગલો જોવા મળે છે..દેખાવમાં એ કોઇને પણ મોહિત કરી નાખવામાં માહીર હોય છે.. કેસરી, પીળાં, લાલ, વાદળી, અને સફેદ એમ વિવિધ કલરમાં એ માયાવી સૃષ્ટિ રચે છે..મારીચ મૃગ જેવું એનુ છેતરામણું સ્વરૂપ સમજવા જેવું છે.તણતણી નામના આ ફૂલનો આ રૂપાળો અવતાર જેને ગુજરાતીમાં ઇન્દ્રધનુ જેવું મોહક નામ આપનાર અનામી ભટકેલો ભોળવાયેલો કોઇ મુગ્ધ કવિ જ હશે ને ?!

દિલને બાગ બાગ કરી નાખતી આત્મકથા, "બક્ષીનામા".

પોતાના વિશે લખવું ખૂબ જ મુશ્કેલ હોય છે.આત્મકથા એટલે આપણે જે રસ્તે ચાલ્યા હોઈએ એ જ રાહ પર ફરીથી લટાર મારવી. મએમાં પરિચિતતાનો અહોભાવ તો અવશ્ય હોય જ.પોતાની જાતનો એક્સ-રે લેવાનો રોમાંચ,અને પોતાના જ પદચિન્હોને પર ચાલી એને સ્પર્શવાનો રોમાંચ પણ સમાયેલો છે.આપણું સદભાગ્ય છે કે ગુજરાતી ભાષામાં અનેક લેખકોએ પોતાની આત્મકથા લખી છે.આત્મકથા એ આમ તો અંગ્રેજી સાહિત્યની દેન છે.આપણી ભાષાની પ્રથમ આત્મકથા "મારી હકીકત" નર્મદ દ્વારા લખાયેલી.એ પછી સૌથી લોકપ્રિય આત્મકથા એટલે ગાંધીજીની "સત્યના પ્રયોગો" આ બંને આત્મકથાઓથી અલગ,છતાં એના થકી પ્રભાવિત એવી એક રસપ્રદ આત્મકથા એટલે "બક્ષીનામા". લેખક ચંદ્રકાંત બક્ષી.નર્મદને એ પોતાના પથદર્શક માનતા.એટલે"બક્ષીનામા"માં નર્મદની ઘણી બધી અસરો જોઈ શકાય,પરંતુ એટલા નિરિક્ષણ માત્રથી આ આત્મકથાને મુલવી ના શકાય. એમાં એક આખા કાલખંડ ની વાત છે. સાહિત્યિક સ્પર્શ છે.સંઘર્ષનો સિલસિલો છે. સરેરાશ ગુજરાતીઓ કરતા અલગ જ વાતાવરણમાં ઉછરેલા ગુજરાતી લેખકની કેફિયત છે.બક્ષી મનાં કેટલાંક વિધાનોથી શરૂઆત કરીએ..

"આત્મકથા પણ નામ છે કંઇક અંશે જૂની બારાખડીને નવી રીતે ઘૂંટવાનું.."

"હું પુસ્તકોમાં જન્મ્યો નથી,પણ પુસ્તકો વચ્ચે મરીશ એ મને ખબર છે.."

"બધાથી સારા સંબંધો રાખનારો માણસ તદ્દન ફાલતુ કક્ષાનો લેખક હોય છે..વેપારધંધાના નિયમો કલાની દુનિયામાં ચાલતા નથી.."

વાચકો સૌ જાણે છે કે બક્ષીની ભાષાનો એક અલગ મિજાજ છે. કેટલાક લોકો એને તેજાબી શૈલી કહે છે.એ સ્વીકારવું પડે કે ચંદ્રકાંત બક્ષીના લેખનમાં અદભુત સાહિત્યિક સ્પર્શ હોય છે. ઉંડા અભ્યાસની સતત પ્રતીતિ થયા કરે.કોઈપણ વિષયને પૂરતો ન્યાય આપી શકે એવું સામર્થ્ય છે.એમનું અનુભવ જગત ખૂબ જ વિશાળ છે.ગુજરાતના સામાન્ય ગામ કે નગર થી લઈને ભારતના મોટાં શહેરો કે આંતરરાષ્ટ્રીય સમુદાયોના જીવન,રહેણીકરણી,અને રીતરિવાજોનું સંપૂર્ણ જ્ઞાન છે.એ ઇતિહાસના પ્રખર અભ્યાસી છે. એમની ભાષામાં જબરજસ્ત ઝનૂન છે, દાઝ છે.એટલે જ આ લેખક વાંચકોમાં બેહદ લોકપ્રિય હતા.

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

એ લખે છે "આકાશ નીચેનું દરેક શહેર જુદું હતું.શહેરનું દરેક ઘર જુદું હતું. ઘરની દીવાલો પરનો દરેક તડકો જુદો હતો.ચહેરાની એકેએક રેખાની પાછળ એ બધું જ છે.દુનિયા એ મારેલી થપ્પડોનું ચહેરા પર એક શિલ્પ ઉભરી ગયું છે.કલમના એક એક સફેદ વાળની સફેદી જુદી છે.જે કંઈ કલા છે એ મારા ઝેરના દાંતમાં છે.લેખન અને જીવન એક થઈ ગયાં છે.મારે માટે મારા જીવનનું સત્ય અને મારા સાહિત્યનું સત્ય એક જ છે.પણ મેં જોયું છે કે ગુજરાતી જીવનનું જૂઠ અને ગુજરાતી સાહિત્યનું જૂઠ બંને એક જ છે". આત્મકથા ની શરૂઆતમાં એક ગાંધીજીને યાદ કરે છે બક્ષીનામાં લખતી વખતે લેખકની ઉંમર ૫૬ વર્ષની છે અને એ જ અમારા એટલે કે ૮૦ના દશકમાં આ ઉંમર પરિપક્વ ગણાતી

આત્મકથાની ભાષા અદભુત છે. લેખનમાં અનુભવો,પ્રસંગો અતીતરાગ,આ બધું સુંદર રીતે વણાતું જાય છે.કેટલાક ગદ્યખંડો તો કાવ્યની ગરજ સારે એવા છે.જેમ કે પોતાના વતન પાલનપુરની યાદમાં એ લખે છે"એક ખોડો લીમડો હતો.હવે નથી. બ્લુ-બ્લેક શાહીના ડાઘ અંગુઠા અને પહેલી બે આંગળીઓ પર પડ્યા હતા. એ બાળપણ નથી.નવ વર્ષ સુધી મારે નાના ભાઈ બહેન ના હતાં.ખૂણાઓમાં મારાં તૂટેલાં રમકડાઓથી એકલા એકલા રમ્યા કરવાનું મને ફાવી ગયું હતું.

બીજે માળે અગાસીની અંદરથી દીવાલો પર મેં વાંકીચૂકી એબીસીડી અને કુતરાઓના અને પક્ષીઓનાં પેન્સિલ ચિત્રો દોર્યા હતાં.કદાચ હજીય છે્નાનપણમાં રાત્રે બધા જાડા લાગતા. વૃક્ષો પાસે લાગતાં.આકાશ બહુ ઊંચું ચાલી જતું.આંખો ઉપર હજી ચશ્માં આવ્યાં ના હતાં.સાથે ભણતી છોકરીઓની ખુલ્લી પીઠ પર? અળાઈ જોઈને અળાઈના જ વિચારો આવતા.સામેની અગાસીમાં એક ગોરી છોકરી નાહીને ટુવાલ સૂકવવા આવતી. હું એના ખુબસુરત વાળને જોયા કરતો..હવે બક્ષીવાસ છે..ખોડો લીમડો નથી.બક્ષીઓ પણ નથી.દુનિયામાં ફેલાઈ ગયા છે.."

ઉત્તર ગુજરાતના નાનકડા શહેર પાલનપુર અને ભારતના વિશાળકાય નગર કલકત્તા વચ્ચે આ લેખકનું બાળપણ વહેંચાયેલું છે.કલકત્તાની વાતો કરતા એ ભાવવિભોર થઈ જાય છે.પોતાના સંઘર્ષકાળની વાત કરતાં લખે છે કે "ફક્ત છોકરીઓ ના હતી. પરસ્ત્રી મા કે બહેન સમાનવાળી વાત ન હતી.ખરી વાત એ હતી કે પરસ્ત્રી જ ન હતી.કોઈ છોકરો એણે કોઈ છોકરીને કિસ કરી હોય એની વાત કરતો.ત્યારે અમે બેધ્યાન રીતે એને ખોટું ન લાગે એ માટે સાંભળતા.એવા છોકરાઓ ક્યારેય મને હીરો લાગ્યા નથી.હિરોઈનોના રંગીન ફોટાઓ જોઈને ઝૂરવાનું પણ ક્યારેય બન્યું નથી.કદાચ એ છોકરાઓ કરતાં મારું આકાશ અને મારી ક્ષિતિજો,અને મારી ભવિષ્યચિંતા અને મારું મુકદર જુદાં હતાં.છોકરીને નહીં પણ રોટલીને કિસ કરવાના દિવસો મારે માટે આવી રહ્યા હતા.." એમના લખાણોમાં અસ્તિત્વવાદ ડોકાય છે.એ લખે છે "જીવનનો આશય શો ? એકવાર વાંચ્યું હતું કે આપણે જન્મ્યા ત્યારે જે જગત આપણને સોંપવામાં આવ્યું હતું, અને આપણે જઈશું ત્યારે જે જગત આપણે મૂકી જઈશું એ બેમાં થોડો ફરક હશે.અને એ ફરક આપણે લીધે હશે.એ ફરક વધારે સારો ફરક હશે .જો એ ફરક વધારે સારો હોય તો મોતની શાંતિ મળે છે.જો એ ફરક ખરાબ હોય તો મોત અસ્થિર અસ્વસ્થ હોય છે.કાન પાસે શંખ બંધ રાખીને,આંખો બંધ કરીને સાંભળીએ ત્યારે દૂરના સમુદ્રનો જે ઘૂઘવાટ સંભળાય છે,એ મને લાગે છે કે મૃત્યુની ક્ષણોનો? એહસાસ હશે.કોઈ કહેવા આવ્યું નથી,એ અનુભવ.અને ત્યાં સુધી જિંદગીમાં એક સમાધાન સ્વીકારી લીધું છે.."

ચંદ્રકાંત બક્ષી પોતાના મિત્રો વિશે અહોભાવથી લખે છે.પોતાના સમકાલીનો વિશે નિર્મમપણે લખે છે. પોતાનાં અને સગાવહાલાઓ માટે પણ કોઈપણ જાતના પૂર્વગ્રહ કે સંબંધોની પરવા કર્યા વગર લખે છે.ગુજરાતી લેખકો અને સાહિત્યની દુનિયા માટે એ નિર્મમ બનીને લખે છે.એક ઝલક જોઈએ "ગુજરાતી લેખકોના બે વર્ગો મારી આંખોમાં છે.સાફ અને ગંદા.મને ગંદા અક્ષરોવાળા લેખકો ગમ્યા નથી. ખૂબ લખીને માણસના અંગૂઠાને કે કંઈક સ્નાયુ હાડકાની તકલીફ થઈ જાય એ જુદી વાત છે.એ કારણે અક્ષરો ખરાબ થઈ જાય એ જુદી વાત છે.પણ ગંદા,ગરબડીયા,અસ્પષ્ટ ગોટાળિયા, દગાબાજ,અક્ષરોવાળા લેખકો મને ગમતા નથી.એક અક્ષરના રૂપ અને આકારને પણ જે લહિયો મસળી નાખી શકે છે,એ મારી દ્રષ્ટિએ ઉંચો લેખક નથી..એમના પોતાના હસ્તાક્ષરો બહુ જ સુંદર હતા.ચંદ્રકાંત બક્ષીની હસ્તપ્રત જોવી એ એક આશ્ચર્યજનક ઘટના ગણાતી.એવું એ સમયના એમના સમકાલીનો કહે છે. ચંદ્રકાંત બક્ષીએ પણ મધુરાય અને આદિલ મન્સુરીના સ્વચ્છ અને કલામય સુરેખ અક્ષરોની તારીફ પણ કરી છે.પોતાના સંઘર્ષો અને પોતાને થયેલા અન્યાયો વિશે ખૂબ જ આક્રમક રીતે આલેખન કરે છે.કેટલાક પ્રસંગો સુરૂચીભંગ કરે એવા પણ છે. પરંતુ પોતે જે માને છે એ મુજબ એ જીવ્યા છે અને એ મુજબ જ એમને અહીં આલેખન પણ કર્યું છે.એની પ્રતીતિ દરેક પૃષ્ઠ ઉપર વાચકને થયા કરે છે.એમની ફિલોસોફી સમજવા જેવી છે.એ કહે છે કે હસવું, ખાવું,ઊંઘવું, અને ગાળો બોલવી.હું ધારું છું તબિયત સારી રાખવા માટે આ ચાર પાયાની વસ્તુઓ છે.!"

બક્ષીનામા ગુજરાતી આત્મકથા લેખનનો એક અલગ પડાવ છે.એ પહેલાંની આત્મકથાઓમાં મણિલાલ નભુભાઈ દ્વિવેદી,અને કંઈક અંશે નર્મદને બાદ કરતાં મોટાભાગના લેખકો સંયમિત રીતે પોતાના અનુભવો લખે છે.સમકાલીનો માટેની સભાનતા એમાં અંતરાય બની જાય છે.

પોતાની જાહેર ઈમેજનું સતત ધ્યાન રાખી આલેખન કરતા હોય એવું લાગે.ચંદ્રકાંત બક્ષીની આત્મકથા આ બધાથી અલગ પડે છે. પોતાને જે સાચું લાગ્યું છે એ એમણે બેધડક લખ્યું છે.મુક્તપણે પોતાને જે અનુભવ થયા છે અથવા તો પોતાના જીવનની જે વાસ્તવિકતા છે એનું આલેખન કર્યું છેએમાં ક્યાંય પોતાની જાહેર ઈમેજ કે એક ઉચ્ચ કક્ષાના લેખક તરીકેની પ્રતિભા વગેરેની પરવા કરી નથી.એ? રીતે જોઈએ તો "બક્ષીનામા" અભ્યાસીઓ માટે પણ મહત્વની સામગ્રીનો ખજાનો બની જાય છે.

(rrthakkar2@gmail.com)

સાપ્તાહિક રાશિફળ (તા.૧૫-૦૭-૨૩ થી તા. ૨૧-૭-૨૩ સુધી)

(૧) મેષ રાશિ : (અ, લ, ઈ)

આ સપ્તાહનો સમય આપને માટે સામાન્ય રહે. ધન પ્રાપ્તિ થાય પરંતુ ધન હાનિનો પણ યોગ થાય. નિરર્થક વ્યય થાય, ચિંતા, ગ્લાનિ થાય. તકરાર સંભવે, તબિયત સાચવવી, માથાનો દુઃખાવો થાય. નિષ્ફળતાનો ભય રહે. અહંવાદી વલણથી દૂર રહેવું, ધંધા વ્યવસાય અંગે સારો ભાગીદાર મળે. પરદેશ જવાનો યોગ થાય. નોકરી મળે. દરેક કામમાં રૂકાવટ આવી શકે. દામ્પત્ય જીવન સુખમય રહે. સ્થાયી સંપત્તિમાં વધારો થાય. પરદેશ માટે સંતાનના અભ્યાસનો નિર્ણય લઈ શકાય. વિદ્યાભ્યાસી સારો, નોકરીમાં ઈચ્છાપૂર્તિ થાય. ગણેશ ઉપાસના ફાયદો કરાવે.

(૨) વૃષભ રાશિ : (બ, વ, ઉ)

આ સપ્તાહ આપ નાની-મોટી બિમારીથી વ્યગ્રતા અનુભવો. જો કે ચિત્ત પ્રસન્ન રહે. સંબંધોમાં લાગણી ભળે. સહોદરથી સુખ મળે. આંખોની કાળજી લેવી. ભાઈ-ભાંડુનું માર્ગદર્શન લેવું. તન પ્રફુલ્લિત રહે. આવકના સ્ત્રોત ઉભા થાય. મકાન, વાહન અંગે નવું આયોજન કરી શકો. નાણાંકીય આયોજન થાય. મોસાળથી લાભ. દામ્પત્ય જીવન આનંદમય પસાર થાય. ભાગ્યોદય વિલંબ, જાહેર કામોમાં અપયશ મળે. પરદેશગમન થઈ શકે. વિદ્યાર્થી માટે સફળતાનો સમય છે. પ્રયત્ન કરવો. નોકરીમાં સફળતા પગાર વધારો થાય. પ્રમોશન મળે. વિષ્ણુ સહસ્ત્રનામ પાઠ કરવા.

(૩) મિથુન રાશિ : (ક, છ, ઘ)

આ સપ્તાહ આપના વિચારોમાં અને સ્વભાવને શુભ પરિવર્તન આવે. સુખ અને આનંદની લાગણી અનુભવો. જો કે નેત્ર પીડા થાય. આર્થિક દૃષ્ટિએ નુકશાન ન થાય તે જોવું. માનસિક વ્યગ્રતા રહે. ધાર્મિક કાર્યોમાં ભાગ લઈ શકો. સેવાકાર્યો થાય, પોતાના ક્ષેત્રના વ્યવસાયમાં આવક થાય. પરાક્રમમાં વધારો થાય. નવા કામો હાથ ધરો. જોકે વ્યવસાયમાં સ્વવિચાર સરણીથી અનુસરવુ. ધીમી ભાગ્યવૃદ્ધિ થશે. પ્રશ્નો ઉકેલાશે. જાહેરજીવનમાં હો તો વિશ્વાસ કરતાં ચેતવું. વિદ્યાર્થીઓ માટે સંતુષ્ટજનક પરિણામ મળે. નોકરીયાત માટે ક્ષેત્રમાં કદર થાય. બઢતી મળે, દુર્ગાપૂજા કરવી.

(૪) કર્ક રાશિ : (ડ, હ)

આ સપ્તાહ આપને સૌનો સહકાર મળે. મિલનના પ્રસંગો બને. જો કે આર્થિક દૃષ્ટિએ ખર્ચ અને નુકશાન પણ થાય. ખૂબ દોડધામ થાય. સફળતા ન મળે, બુદ્ધિશક્તિના જોરે ધાર્યા કાર્ય પાર પાડી શકો. આવકના સ્ત્રોત વધે. કૌટુબિંક ક્ષેત્રે સહકાર સાંપડે, મદદ મળે. જાહેર કામ થાય. આંખોની કાળજી લેવી. મકાન, જમીન, વાહન અંગે નવીન કાર્ય થાય. નાની યાત્રાઓ થાય. વ્યવસાય ક્ષેત્રે કામોમાં સફળતા પણ વિલંબ થાય. દામ્પત્ય જીવનમાં ખટરાગ ન થાય તે જોવું. વિદ્યાર્થીઓના પરદેશગમન અંગેના નિર્ણય થાય. નોકરીમાં ફેરફાર થાય. શિવ ઉપાસના કરવી.

(૫) સિંહ રાશિ : (મ, ટ)

આ સપ્તાહ આપના જીવનમાં યશ, માન, પ્રતિષ્ઠા પ્રાપ્ત કરાવે. સંબંધી મિત્રો વગેરેથી ફાયદો, ધારેલ કાર્યો સિદ્ધ થાય, શુભ પ્રસંગો બને. હરવા-ફરવાનો શુભ સમય છે. વૈભવસુખ ભોગવવા મળે. પરાક્રમી બનો. માનસિક આર્થિક નુકશાનના યોગ છે. કાર્યમાં નિષ્ફળતા મળે. બુદ્ધિનો દુર્વ્ય થાય. જમીન, મકાન, સંપત્તિમાં ફાયદો થાય. શહેર સટ્ટામાં ન પડવુ. દામ્પત્ય જીવનમાં ખટરાગ ન થાય તે જોવું. નાના પ્રસંગો થાય. સ્ત્રીઓ માટે અડચણ. વિદ્યાર્થીઓ માટે સામાન્ય સમય. નોકરીયાત માટે બદલીના યોગ બને. સૂર્ય ઉપાસના કરવી.

(૬) કન્યા રાશિ : (પ ઠ, ણ)

આ સપ્તાહ આપે તંદુરસ્તીનું ધ્યાન રાખવું પડે, આર્થિક દૃષ્ટિએ સમય સામાન્ય રહેશે, યશ, માન, પ્રતિષ્ઠા વધે. સહકાર તેમજ સંબંધી મિત્રોથી ફાયદો. ઉઘરાણી, પ્રવાસ, આવક થાય. લગ્નજીવન, ભાગીદારીથી અશાંતિ. આર્થિક સ્થિતિ સામાન્ય. વાણી પર લગામ રાખવી. લાભો મેળવવામાં હાનિ થાય. સ્ત્રીઓ માટે બિનજરૂરી વિવાદમાં ન પડવુ. ધંધાના કાર્યમાં વિલંબ થાય. આરોગ્યની કાળજી જરૂરી. વિદ્યાર્થીઓ માટે ધાર્યુ પરિણામ ન મળે. નોકરીઆતો માટે વાદ વિવાદમાં ન ઉતરવું. દુર્ગા ઉપાસના કરવી.

(૭) તુલા રાશિ : (ર, ત)

આ સપ્તાહ તંદુરસ્તી બગડી શકે છે. કાર્યોમાં મુસીબતો, વિઘ્નો આવી શકે છે. આર્થિક બાબતે અશાંતિ ઉભી થાય. ધંધા-વ્યવસાયમાં અને ભાગીદારીથી સાવચેત રહેવું. મોસાળથી લાભ, શુભ સમાચાર મળે. નાણાં માટે લોન કરજ લઈ શકાય. પત્ની સાથે વિચાર વિમર્શ કરી આગળ વધવું. લાભ થાય. નાની યાત્રા થાય. ભાગ્યોદય થાય. આકસ્મિક લાભ થાય. વ્યવસાયમાં ઉન્નતિ થાય. અકસ્માતથી બચવું, નોકરીઆતો માટે આનંદના સમાચાર મળે. વિદ્યાર્થીઓ માટે પરદેશગમન અંગે કાર્ય થાય. ગુરૂ ઉપાસના કરવી.

(૮) વૃશ્ચિક રાશિ : (ન, ય)

આ અઠવાડિયું શારિરીક સ્વસ્થતા જળવાશે. કૌટુંબિક સુખની પ્રાપ્તિ થાય. યાત્રા-પ્રવાસ થાય. રોગનો નાશ થાય. મકાન, વાહન, જમીન અંગે નિર્ણયમાં વિલંબ થાય. કામ જલ્દી ન થાય. થોભો અને રાહ જુઓ. હઠીલા રોગથી સંભાળવું, તાત્કાલિક સારવાર યથા સમયે લેવી. દામ્પત્ય સુખાકારી વધે. નાની યાત્રાઓ થાય. આંખની કાળજી લેવી, ભાઈ-ભાડુંનો સહકાર ન મળે. ભાગ્ય સાથ આપે. મહેનત કરવી. આકસ્મિક લાભો મળે. જાહેર જીવનમાં યશ પ્રાપ્ત થાય. વિદ્યાર્થી માટે શુભ સમય, નોકરીયાત માટે નાણાંકીય ફાયદો. ગણેશ ઉપાસના કરવી.

જ્યોતિષાચાર્ય
વિષ્ણુભાઈ વૈષ્ણવ

(૯) ધન રાશિ : (ભ, ધ, ઢ, ફ)

આ અઠવાડિયું શારિરીક સુખાકારી રહે. કુટુંબ સુખ સારૂ પ્રાપ્ત થાય. ભૌતિક સુખમાં વધારો થાય. આવક અને રોકાણોમાં લાભ થાય. ભાઈ-ભાંડુથી વાદ-વિવાદ થાય. સંતાન મદદરૂપ થાય. સંતાનથી લાભ. શેર-સટ્ટામાં ન પડવું. શરદી-ઉધરસ જેવી સામાન્ય બિમારી આવે, અચાનક મુસાફરી થાય. ખર્ચમાં વધારો થાય. તણાવ ઓછો થાય. પરિવાર માટે કંઈક કરી છૂટવું. વિવાદ સમાપ્ત થાય. ખર્ચમાં વધારો જોવા મળે. નોકરીમાં આ અઠવાડિયું મહત્વનું રહેશે. સમય અનુકૂળ રહે. વિદ્યાર્થી માટે નવા નિર્ણય ન કરવા.

(૧૦) મકર રાશિ : (ખ, જ)

આ અઠવાડિયું માનસિક-શારિરીક ચિંતા રહે. નવા કાર્યોમાં નિષ્ફતા મળે. આવક અને રોકાણમાં લાભ પ્રાપ્ત થાય. તમારા મહત્વપૂર્ણ કામો થવા છતાં ઉર્જા ઘટશે. સમસ્યાઓનો સામનો કરવો પડશે. આવકના સ્ત્રોત નવા મળશે. સલામત આર્થિક પ્રોજેક્ટમાં જ રોકાણ કરવું. પોતાની યોજના બનાવો. સ્ત્રીઓ માટે આનંદપૂર્ણ સમય પસાર થાય. મકાન, વાહન સંપત્તિમાં વધારો થાય. આવક ઘટશે. કંઈક નવું કરી શકો. નોકરીમાં ઉપરી અધિકારીની સલાહ લઈ આગળ વધવું. અથાર્થ પરિશ્રમ છતાં વિદ્યાર્થીઓ માટે ઈચ્છિત પરિણામ ન મળે. સરસ્વતી પૂજા કરવી.

(૧૧) કુંભ રાશિ : (ગ, સ, શ, ષ)

આપને માનસિક ભય સતાવે. હૃદયમાં અશાંતિ અને શુભ કાર્યોમાં અસ્થિરતા મળે. નિષ્ફળતા મળે. કાર્યોમાં વિઘ્ન આવે. સંપત્તિ અંગેના કામ થાય. નવુ મકાન ખરીદી શકો. પરિવારની પ્રતિષ્ઠા વધારશો. ધંધા-વ્યવસાયમાં વિચારીને આગળ વધવું. આરોગ્ય અંગે મુશ્કેલી નહિ પડે. સંપત્તિના અગાઉના વહેવાર પૂર્ણ થાય. ફાયદો થાય. પારિવારિક શાંતિ રહે. સ્ત્રીઓ માટે મન પ્રસન્ન રહે. નોકરીયાત માટે કાર્યસ્થળ પર વિરોધ થઈ શકે. સાવચેતી રાખવી. વિદ્યાર્થી માટે ક્ષમતા વધારવાની તક છે. હનુમાનજીની ઉપાસના કરવી.

(૧૨) મીન રાશિ : (દ, ચ, ઝ, થ)

આ સપ્તાહ આપને આર્થિક લાભ, ભાગ્યોદય થાય. પરંતુ હૃદયની અશાંતિ અને શુભ કાર્યોમાં અસ્થિરતા આપે. માનસિક ભય રહે. સ્વાસ્થ્ય વિશે જાગૃત રહેવું. મકાન નવીનીકરણ માટે ખર્ચ થાય. પરિવાર સાથે રહી સામાજીક પ્રવૃત્તિઓ કરવી. કુટુંબીજન વિદેશ હોય તો મોટો લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. સ્ત્રીઓ માટે નવા આયોજન થાય. નકામી પ્રવૃત્તિમાં શક્તિનો વ્યય ન કરવો. ધંધામાં નવું રોકાણ ન કરવું. નોકરીયાત માટે ફાયદાકારક કામો થાય. વિદ્યાર્થી માટે ઉચ્ચ અભ્યાસમાં શક્તિ કામે લગાડવી. સિદ્ધિ પ્રાપ્ત થાય. શિવ ઉપાસના કરવી.

આ સપ્તાહના તહેવારો - પંચાંગ

તા. ૧૫-૭-૨૩	શનિ પ્રદોષ
તા. ૧૬-૭-૨૩	દર્શ - સોમવતી અમાસ
દિવાસો	એવ્રત જેવ્રત વ્રત
તા. ૧૮-૭-૨૩	પુરૂષોત્તમ માસારંભ
તા. ૨૧-૭-૨૩	વિનાયક ચોથ

ગૃહ ગોચર - તા. ૧૭-૭- સૂર્ય કર્કરાશિમાં પ્રવેશ
ચંદ્રનો કર્ક, સિંહ, કન્યા રાશિમાં પ્રવેશ

આવતી કાલ તો ઇશ્વરના હાથમાં છે અને જે આપણા હાથમાં નથી તેની આજે આપણને ક્યાંથી ખબર હોય

'આવતી કાલ તો ઈશ્વરના હાથમાં છે અને જે આપણા હાથમાં નથી તેની આજે આપણને ક્યાંથી ખબર હોય !' એ આવતી કાલે '

રોગ અને કલેશની ચિંતા ન કરો. આમાં ચિંતા ન કરવાનું કહેવામાં આવ્યું છે પણ એ આપણા હાથની વાત નથી. આપણા શરીર અને મન ઉપર આપણો પૂર્ણ કાબુ નથી અને એટલે જ ચિંતા થઇ જાય છે. ચિંતાનો સીધો સંબંધ મન સાથે છે. પોતાના ધાર્યા કરતાં કંઇક વિપરિત થાય ત્યારે બેચેન થઇ જવું, આપણા હાથની વાત નથી એ જાણતા હોવા છતાં પણ વ્યથિત રહેવું. ઉલટા સીધા વિચારો કરવા, પ્રતિકૂળ સંજોગોમાં ધીરજ ખોઇ બેસવી આ બધી ચિંતા છે. ચિંતાને મોટેભાગે અજ્ઞાનતા સાથે સીધો સંબંધ છે. દોરડાને સાપ માની લેવું એ આપણી અજ્ઞાનતા છે. જ્ઞાન જ ચિંતા દુર કરવાનો ઉપાય છે. ચિંતા દૂર થતાં ચિત્ત શાંત થાય તો જ ચિંતન થઈ શકે. દયારામે કીધુ છે: ' ચિત્ત, શું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે '. ચિંતાને લીધે આપણે આજના આનંદને નકામો બનાવી દઇએ છીયે.

'આદિલ' મન્સુરીની આ સાપેક્ષે બે પંક્તિઓ:

એક પળમાં નિખરવાનું, એક પળમાં વીખરવાનું, આ ફૂલ જે ખીલ્યું, તે ખીલીને તો ખરવાનું,

હોડી ન હલેસાં હો, શઢ હો ન સુકાની હો, દરિયોય ન દેખાતો ને પાર ઊતરવાનું.

આ પ્રકારની અવઢવમાંથી જ પાર ઉતરવાનું છે તો ચિંતા શાની!

કબીર કહે છે 'ફકીર' એટલે '' ફિકર- ચિંતાને ઘોળીને તેની ફાકી કરી પી જાય તે ''

ફિકર સબકો ખા ગઈ, ફિકર સબકા પીર,
ફિકર કી જો ફાકી કરે, ઉસકા નામ ફકીર.

ભવિષ્યની ખોટી ચિંતાઓ અને આવી પડનારી આપત્તિની કલ્પના આપણી શક્તિને હણે છે. ચિંતા એ માનસિક રોગોની જડ છે. સંતોષ અપ્રિગ્રહમાંથી આવે છે. કબીરે તેમના પદમાં ફકીર અને ફકીરીને વ્યાખ્યાયિત કરતાં કીધું:

' પેટ સમાતા અન્ન લે, તન હી સમાતા ચીર.
અધિક હી સંગ્રહ ના કરે, તિસકા નામ ફકીર.'

અને

' જો આનંદ સંત ફકીર કરે , વો આનંદ નાહી અમીરી મેં
સુખ દુઃખ સમતા સાધ રહે, કુછ ખોફ નહીં જાગીરી મેં.'

રવિન્દ્રનાથ ટાગોરે આજની સવારને સવાર તરીકે સ્વીકારવાની વાત કરી છે. ટર્કિશ કહેવત ' આવતી કાલની મરઘી કરતાં આજનું ઈંડું વધું સારું ' એ વર્તમાન જે પરિસ્થિતિ છે તેને આવતી કાલની રાહની જોયા વગર સ્વિકારવાની વાતને સમર્થન આપે છે. આજની ઘડીને વધાવવાની છે. ગઇ કાલ તો ગઇ એને ગીરવે મૂકી દેવી જોઇયે. આવતી કાલને તો હજુ આવતી કાલે આવવાની છે. તે અનિશ્ચિત છે અને આ અનિશ્ચિતતામાંથી જ ભય પેદા થાય છે. જે. કૃષ્ણમૂર્તિએ તો આવતી કાલ તો આવશે ત્યારે ઓળખાશે તો અત્યારથી એનાં ફાંફાં શું ? તેથી તેને અળગી કરી દેવી. ભક્ત કવિ નરસૈયાએ ગાયું તેમ ' આજની ઘડી રળિયામણી '. યોગમાં પણ હમેંશા વર્તમાનમાં રહેવાનું અને જે ક્ષણ છે, જે શ્વાસની આવન-જાવન ચાલી રહી છે તેને જોવાની વાત કીધી છે. એકવાર યુધિષ્ઠિર પાસે એક માંગણ કંઇક માગવા આવે છે ત્યારે યુધિષ્ઠિર તેને આવતી કાલે આવવાનું કહે છે. ત્યારે પાસે બેસેલો ભીમ મરક મરક હસે છે. યુધિષ્ઠિર તેના આ હાસ્યનું કારણ પુછે છે ત્યારે ભીમ કહે છે કે: ' હે ! જયેષ્ઠ ભ્રાતા આપ ત્રિકાળ ગ્યાની છે. અને ભગવાન કરતાં પણ વધારે જાણો છો... કેમ કે આ માંગણને આપે કાલે આવવાનું કીધું એનો મતલબ આપ આવતી કાલે પણ જીવીત રહેવાના છો તેની આપને આજે ખબર પડી ગઇ છે. ' ત્યારે યુધિષ્ઠિરને ભીમના હાસ્યનું કારણ સમજાય છે. અરે ! આવતી કાલ તો ઈશ્વરના

હાથમાં છે. જે આપણા હાથમાં નથી તેની આજે આપણને ક્યાંથી ખબર હોય ! કદાચ આમ થાય તો આ ' કદાચ ' શબ્દ આવતી કાલ સાથે -ભવિષ્ય સાથે જોડાયેલો છે. એટલા માટે તક્ષદાન રોહડિયા ' દાન અલગારી' એ એક સુંદર ભજન લખ્યું છે.: મોજમાં રેવું, મોજમાં રેવ